# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/065 Dt. 24/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકના ત્રીજા દિવસે ટેક્ષ્ટાઇલ ઉત્પાદનના ભવિષ્ય વિષે સેમિનાર યોજાયો

### ટેક્ષ્ટાઇલની ઉત્પાદનની પ્રક્રિયાને અપગ્રેડ કરીને ભારતના ટેક્ષ્ટાઇલને વિશ્વભરમાં પ્રમોટ કરવું જોઇએ, અન્ય દેશો જે કવોલિટી નહીં બનાવતા હોય એવી કવોલિટી બનાવીને એક્ષ્પોર્ટ કરી શકાય : ભારતના પૂર્વ એડિશનલ ટેક્ષ્ટાઇલ કમિશનર શ્રી સત્ય પ્રકાશ વર્મા

### સુરતમાં હાલ ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ફોકસ ઓછો છે, પરંતુ યુવા ઉદ્યોગ સાહસિકો ગારમેન્ટીંગમાં રસ લઇ રહયા છે ત્યારે સુરતમાં ગારમેન્ટીંગ કરીને એપરલ બનાવીને એક્ષ્પોર્ટ વધારી શકીશું : સિગ્નેચર ટેક્ષ્ટાઇલ મશીન્સના સીઇઓ શ્રી અશોક અડવાણી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઇલ વીકના ત્રીજા દિવસે બુધવાર, તા. ૨૩ જુલાઇના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે 'ટેક્ષ્ટાઇલ ઉત્પાદનના ભવિષ્ય' વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેક્ષ્ટાઇલ કમિશનર તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી સત્ય પ્રકાશ વર્માએ મહેમાન તરીકે સ્થાન શોભાવી સુરતના ઉદ્યોગકારોને ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ કેવી રીતે વધારી શકાય તે દિશામાં માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ઈન્ડસ્ટ્રીના એક્ષ્પર્ટ તરીકે સિગ્નેચર ટેક્ષ્ટાઇલ મશીન્સના સીઇઓ શ્રી અશોક અડવાણીએ ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલ અને ફેબ્રિકસના ભવિષ્ય વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ એ માત્ર ભારત માટે જ નહીં, સમગ્ર વિશ્વ માટે એક મહત્વપૂર્ણ સપ્લાય ચેઇન તરીકે ઉભરતો જઇ રહયો છે. આ ઉદ્યોગને ટેકસેવિંગ અને ગ્લોબલ માંગ પ્રમાણે નવી ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે. ઈનોવેશન, સ્કિલ ડેવલપમેન્ટ અને ઈકો ફ્રેન્ડલી ટેકનોલોજી અપનાવવી એ આજના સમયની માંગ છે. ભારત સરકારની નવી નીતિઓ તથા આંતરરાષ્ટ્રીય બજારમાં ઉભરી રહેલી નવી તકોનો સુરતના ઉદ્યોગ સાહસિકોને લાભ લેવો જોઇએ. જો આપણે સમયસર ડિજિટલાઈઝેશન, ઓટોમેશન અને ઉચ્ચ ગુણવત્તા તરફ ધ્યાન આપીશું તો સુરત વિશ્વના ટેક્ષ્ટાઇલ હબ તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવી શકે છે.

ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેક્ષ્ટાઇલ કમિશનર તેમજ ચેમ્બરની ટેક્ષ્ટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર શ્રી સત્ય પ્રકાશ વર્માએ જણાવ્યું હતું કે, વૈશ્વિક ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં અનેક પરિવર્તનો અને નવી તકો સામે આવી રહી છે. અમેરિકામાં ૫૦ વર્ષથી વધુ ઉંમરના સિલ્વર જનરેશન ગ્રાહકો પાસે દેશની ૭૨ ટકા સંપત્તિ છે, જેને લક્ષ્યમાં રાખી બ્રાન્ડ્સ માટે વિશાળ વેપારની તકો ઊભી થઈ રહી છે, આથી ઉદ્યોગકારોએ ટેક્ષ્ટાઇલના ઉત્પાદન અને એક્ષ્પોર્ટ માટે હાલના બજારો પૂરતા સીમિત નહીં રહી નવા બજારો શોધીને એક્ષ્પોર્ટ વધારવું જોઇએ. ટેક્ષ્ટાઇલની ઉત્પાદનની પ્રક્રિયાને અપગ્રેડ કરીને ભારતના ટેક્ષ્ટાઇલને વિશ્વભરમાં પ્રમોટ કરવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૦થી ૨૦૧૦ દરમ્યાન ચીનના ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટમાં ૨૦ ગણો વધારો થયો, જેનું મુખ્ય કારણ આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાણ હતું. બાંગ્લાદેશનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ એક્ષ્પોર્ટ માટે વિશ્વમાં બીજા ક્રમે છે. કારણ કે ત્યાં મજૂરી ઓછી છે, એક્ષ્પોર્ટ માટે વેપાર કરારો અનુકૂળ છે અને સરકાર પણ ઉદ્યોગને સતત મદદરૂપ બને છે. વિયેતનામની વાત કરીએ તો ત્યાંનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ ઝડપથી વિકસ્યો છે, કારણ કે તેણે મુક્ત વેપાર કરારો, ઓછી મજૂરી ખર્ચ, ઉદારીકૃત નીતિઓ અને ચીનની નજીક હોવાના લાભો લીધા છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકોને કહયું હતું કે, ટેક્ષ્ટાઇલમાં અન્ય દેશો જે કવોલિટી નહીં બનાવતા હોય એવી કવોલિટી બનાવીને તેને એક્ષ્પોર્ટ કરી શકાય તેમ છે.

શ્રી સત્ય પ્રકાશ વર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને ઓટોમેશનનો ઉપયોગ કરીને ટેક્ષ્ટાઇલની સપ્લાય ચેઇનને વધુ અસરકારક અને ઝડપી બનાવવી જોઇએ. સાથે જ લોજિસ્ટિકસમાં સુધારો લાવી ટેક્ષ્ટાઇલ ઉત્પાદનોના વહન અને વિતરણની કાર્યક્ષમતા વધારવી જોઇએ. કામદારોને આધુનિક તાલીમ આપી કુશળ બનાવવા ઉપરાંત ઉદ્યોગોએ પર્યાવરણીય સ્થિતિને ધ્યાનમાં લઈને સસ્ટેનેબલ ઉત્પાદન પદ્ધતિઓ અપનાવવી જોઈએ અને વૈશ્વિક નિયમોનું પાલન કરવું જોઇએ. વધુમાં તેમણે ટેક્ષ્ટાઇલ પ્રોસેસમાં વેસ્ટ એલિમિનેશન, રિડયુસ, રિયુઝ, રિડિઝાઇન, એનર્જી કન્ઝર્વેશન, પ્રોડકટ રિકલેમેશન અને પ્રોડકટ રિસાયકલ અંગે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

સિગ્નેચર ટેક્ષ્ટાઇલ મશીન્સના સીઇઓ શ્રી અશોક અડવાણીએ જણાવ્યું હતું કે, સુરત ખાતે ટેક્ષ્ટાઇલમાં હાઇસ્પીડ મશીનરીમાં રોકાણ વધ્યું છે. વિવિંગમાં રેપિયર, એરજેટ અને વોટરજેટ જેવી અદ્યતન મશીનરીઓ આવી છે ત્યારે કવોલિટી ફેબ્રિકનું ઉત્પાદન પણ વધી રહયું છે. જો કે, એક્ષ્પોર્ટ માટે ફેબ્રિકનું પ્રોડકશન ખૂબ સારુ હોવું જોઇએ. સુરતમાં ૨૦ કિલોમીટરની અંદર ટેક્ષ્ટાઇલની આખી વેલ્યુ ચેઇન ઉપલબ્ધ છે. હાલ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ફોકસ ઓછો છે, પરંતુ સુરતના યુવા ઉદ્યોગ સાહસિકો ગારમેન્ટીગમાં રસ લઇ રહયા છે ત્યારે સુરતમાં ગારમેન્ટીગ કરીને એપરલ બનાવીને એક્ષ્પોર્ટ વધારી શકીશું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ જીએફઆરઆરસીના એડવાઇઝર શ્રી પ્રફુલ શાહે સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી અમરનાથ ડોરા અને શ્રી મહેન્દ્ર કાજીવાલા તથા ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મહેમાન તેમજ ઇન્ડસ્ટ્રી એક્ષ્પર્ટે ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.